# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો : ઉધોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર જા.નં. ઉક/સખ/પૂર્વમંજુરી/૫૨૩૦૩૯/૧૬૯૧૧૩૦ તા.૧૨/૦૧/૨૦૨૧

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ સંદર્ભિત પત્રથી ઉધોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવ્યા મુજબની વસ્તુઓ માટે GeM બહારથી ખરીદી કરવા NOC આપવામાં આવેલ છે (નકલ સામેલ છે). જેથી સદર NOCનો ઉપયોગ કરીને દરેક કેન્દ્ર/વિભાગે GeM બહારથી યુનિવર્સિટી તથા સરકારશ્રીના નિતિ-નિયમોનુસાર ખરીદી કરવાની રહેશે જે જાણ સારૂ.

વધુમાં, કોઇપણ કેન્દ્ર/વિભાગને કોઇ વસ્તુની ખરીદી કરવા માટે NOCની જરૂર હોઇ અને તેજ વસ્તુ માટે અન્ય કોઇ કેન્દ્ર/વિભાગે NOC મેળવેલ હોય તો ફરીથી નવું NOC ન માંગતા તે જ NOCના આધારે ખરીદી કરવાની રહેશે અને તે માટે અત્રેની કચેરીએથી અલગથી મંજુરી મેળવવાની રહેતી નથી.

વધુમાં, જયારે કોઇ પણ વિભાગ / કેન્દ્ર દ્વારા GeM બહારથી ખરીદી કરવા માટે ઉધોગ કમિશનરશ્રીની કચેરી પાસેથી NOC મેળવવાનું થાય ત્યારે અત્રેની કચેરીએ દરખાસ્ત મોકલતી વખતે તમામ પુરાવાઓ જેમ કે, ખરીદ કિમંત, સ્પેશીફીકેશન, GeM પરનો સ્કીનશોટ, બીડ કરવામાં આવેલ હોય તો તેની નકલ, કેટેગરી ક્રિએશન કરવા માટે રીકવેસ્ટ કરવામાં આવેલ હોય તો તેની નકલ વિગેરે ફરજીયાત પણે સામેલ કરવાના રહેશે.

સામેલ : ઉપર મુજબ

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૧૦૯૫૯ /૨૦૨૧
તા.૨૮ /૦૧/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના પ્રતિ,
આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.

O. I. G. S.

ક્રમાંક:ઉક/સખ/પૂર્વમંજૂરી/૫૨૩૦૩૯/ 1691130
ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ
સરંજામ ખરીદ અધિકારીની કચેરી,
બ્લોક નં: ૧/૨ ,૫મો માળ,
ઉદ્યોગભવન,ગાંધીનગર
તા:૧૪/૦૧/૨૦૨૧

Industries Commissionerate
Govt. of Gujarat
Gandhinagar

પ્રતિ,
સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી,
સંશોધન નિયામકશ્રીની કચેરી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ - ૩૮૮૧૧૦

વિષય:- એન.ઓ.સી. આપવા બાબત

સંદર્ભ:-(૧) આપનો પત્ર ક્રમાંક : આકૃયુ/સં.નિ./ટી.૧/૫૦૧૪-૧૫/૨૦૨૦, તા.૨૨/૧૦/૨૦૨૦
(૨) આપનો પત્ર ક્રમાંક : આકૃયુ/સં.નિ./ટી.૧/૫૮૪૮-૪૯/૨૦૨૦, તા.૦૫/૧૧/૨૦૨૦
(૩) આપનો પત્ર ક્રમાંક : આકૃયુ/સં.નિ./ટી.૧/૬૦૪૧/૨૦૨૦, તા.૧૨/૧૧/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં દર્શાવેલ પત્ર અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ માં દર્શાવેલ પત્રમાં એન.ઓ.સી. માટે ખાતા વડા મારફત મોકલી આપવા, સંદર્ભ-૨ ના પત્રમાં દર્શાવેલ ચીજ-વસ્તુ માટે GeM પર Category Add કરવા માટે આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો મોકલી આપવા વિનંતી છે. જ્યારે સંદર્ભ-૩ ના પત્રમાં દર્શાવેલ એનેક્ષર-૧ માં દર્શાવેલ ક્રમ નં. ૨, ૩, ૫, ૬, ૭, ૧૨, ૧૩, ૧૪, ૧૮, ૨૦, ૨૩ અને ૨૪ ની વસ્તુઓ/સેવા GeM પર ઉપલબ્ધ ન હોઇ, ચાલુ નાણાંકીય વર્ષ માટે GeM સિવાય ખરીદીના પ્રવર્તમાન નીતિ નિયમોનુસાર મેળવવા માટે મંજૂરી આપવામાં આવે છે.

(માન.ઉ.ક.શ્રીની મંજુરીથી)

આપનો વિશ્વાસુ,

સંયુકત ઉદ્યોગ કમિશનર(સ.ખ.)

Office of the Director
of Research A.A.U., Anand.
19 JAN 2021
Inward No. 10734

## એનેક્ષર

| NOC માં દર્શાવ્યા મુજબના ક્રમ નં. | વસ્તુઓની યાદી |
|---|---|
| ૨ | રોપ ઉછેર માટેના મિડીયા જેવા કે કોકપીટ, વર્મીકયુલાઇટ, પર્લાઇટ વિગેરે |
| ૩ | બાગાયતી તેમજ ખેતી સંલગ્ન નાના-મોટા યંત્રો કે ઓજારોની મરામતની બાબત |
| ૫ | નિદર્શનો માટે જરૂરી પરચુરણ સામગ્રી |
| ૬ | જંતુનાશકોકીટ નાશકો, ફુગ નાશકો, અંતઃસ્ત્રાવો, પરિરક્ષણ માટેના તેમજ અન્ય કૃષિલક્ષી રસાયણો |
| ૭ | શાકભાજી અને ફળોની બનાવટો માટે જરૂરી ટીન, બોટલ, પ્રીઝર્વેટીવ, શાકભાજી-ફળ ખાદ્ય કલર એસેન્સ |
| ૧૨ | લેબોરેટરી સંલગ્ન રસાયણો |
| ૧૩ | લેબોરેટરીમાં જરૂરી ગ્લાસવેર્સ |
| ૧૪ | લેબોરેટરીમાં જરૂરી પ્લાસ્ટિકવેર્સ |
| ૧૮ | વેટરનરી મેડીસીન્સ |
| ૨૦ | પૃથ્થકરણ નિદાન અને ચકાસણી માટે વપરાતાં બ્રાન્ડેડ તથા કિમંતી વૈજ્ઞાનિક ઉપકરણોની મરામત, ચોકકસ સ્પેરપાર્ટસ અને વાર્ષિક નિભાવણી કરાર |
| ૨૩ | ઇલેકટ્રીક રીપેરીંગ તથા સંલગ્ન કામગીરી |
| ૨૪ | ગાય, ભેંસ, મરઘા વિગેરે પ્રાણીઓના ખોરાક જેમ કે, મકાઇ, દાણ, ખોળ વિગેરે |